નવસારી-વલસાડ-ડાંગ જિલ્લાના સમાચાર

ગુજરાતમિત્ર
તથા ગુજરાત દર્પણ

વાપી : ૨૪૨૪૬૪૬ , ૯૩૭૫૮-૬૧૩૧૩ , નવસારી : ૯૮૨૫૪૮૮૧૫૧ બીલીમોરા : ૨૮૫૬૭૯ ચીખલી : ૨૩૪૭૯૮ વાંસદા : ૨૨૨૨૩૩, ૯૪૨૭૧ ૨૦૧૧૧, વલસાડ : ૨૫૩૧૦૦ - ઉમરગામ : ૯૯૦૪૧ - ૯૩૫૨૮ વેસ્મા : ૨૭૫૬૬૬- આહવા-૯૪૨૮૩૮૧૧૦૦

ચાંલ્લાવિધિ પતાવી સેલવાસ પાછા ફરી રહેલા પરિવારને અકસ્માત

દુવાડા ફાંકા નજીક ટેમ્પો-કાર અથડાતાં ચોવીસ જણાને ઈજા: ગંભીર ચારને સુરત-નવસારી ખસેડાયાં

ઈજાગ્રસ્તોને નજીકની ખારેલ હોસ્પિટલમાં સારવાર અપાઈ

ટાંકલ : રાષ્ટ્રીય ધોરી માર્ગ -૮ ઉપર આવેલા દુવાડા-ફાંકા નજીક ટેમ્પો-કાર ભટકાતા બે ડઝન જેટલાને ઈજા થઈ હતી અને નેપાના ચાર ગંભીર હાલતમાં હોય નવસારી - સુરત હોસ્પીટલમાં સારવારાર્થે ખસેડાયા છે.

બનાવની પ્રાપ્ત થયેલી વિગત મુજબ સેલવાસનો એક પરિવાર નવસારી ખાતે ચાંલ્લાવિધિ પતાવી સેલવાસ પરત થઈ રહ્યા હતા તે દરમ્યાન ઉપરોકત સ્થળે સામેથી આવતી ફોરકાર સાથે ભટકાઈ પડતાં ટેમ્પો પલટી ખાતા ટેમ્પામાં બેઠેલામાં બે ડઝન જેટલા વ્યક્તિઓને ઈજા થઈ હતી

જેમાં ચારેક મહિલા-પુરૂષો ગંભીર હોય તેઓને નવસારી - સુરતની હોસ્પીટલમાં સારવારાર્થે ખસેડવામાં આવ્યા છે.

ઘટના બનતા ૧૦૮ વાનને ફોન કરતાં તમામ ઈજા પામેલાઓને નજીકની ખારેલ ગ્રામ સેવા ટ્રસ્ટ હોસ્પીટલમાં સારવાર અપાઈ હતી

ત્યારે વધુ ગંભીર ઈજા પામેલાઓને નવસારી અને સુરત હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સંબંધી પોલીસને જાણ થતા તેઓએ કાયદેસરની કાર્યવાહી કરી અકસ્માત અંગે તપાસ કરી રહી છે.

બીલીમોરા રેલવે યાર્ડ નજીક ટ્રેનની ટક્કરથી અજાણી વૃધ્ધાનું થયેલું મોત

(પ્રતિનિધિ દ્વારા)

બીલીમોરા, તા. ૪ : બીલીમોરા રેલ્વે યાર્ડ નજીકથી પસાર થતી ડાઉન લાઇનના પાટા ઉપરથી પસાર થતી કોઇક ટ્રેનની ટક્કર વાગવાથી એક ૬૦ વર્ષની અજાણી વૃધ્ધ મહિલા મોતને ભેટી છે. બીલીમોરા રેલ્વે આઉટ પોસ્ટમાંથી પ્રાપ્ત વિગત મુજબ બીલીમોરા રેલ્વે સ્ટેશનની ઉત્તર દિશા યાર્ડ તરફના કીલોમીટર ૨૧૬/૨૬ અને ૨૮ની વચ્ચે ડાઉન રેલ્વે લાઇનના પાટા ઉપરથી પસાર થતી કોઇક ટ્રેનની ટક્કર લાગવાથી એક ૬૦ વર્ષની અજાણી વૃધ્ધ મહિલાને માથા તથા ખભાના ભાગે થયેલ ગંભીર ઇજાને કારણે આ અજાણી વૃધ્ધ મહિલાનું મોત નીપજયું છે.

મરનાર અજાણી સ્ત્રી ૬૦ વર્ષની છે. પાતળો બાંધો, રંગે ઘઉં વર્ણ, ઉંચાઇ ચાર ફુટ પાંચ ઇંચ, ડાબો હાથ જન્મજાતથી કોણીના ભાગેથી અપંગ છે. જેને શરીર ઉપર મહેંદી રંગની લીલા બોર્ડરવાળી સાડી તથા આછા ગુલાબી રંગનું બ્લાઉઝ પહેર્યુ છે. અકસ્માત મોત નંબર ૨૮/૧૧ સી.આર.પી.સી. ૧૭૪ મુજબ નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ માધુભાઇ બાબરભાઇ કરી રહ્યા છે.

નવસારીની મફતલાલ ડેનિમ કંપનીમાં આગથી અંદાજે છ થી સાત લાખનું નુકસાન

ફાયર બ્રિગેડને જાણ ન કરાતાં તરેહ તરેહની ચર્ચા

નવસારી, તા.૪: નવસારી રેલ્વે સ્ટેશન નજીક આવેલ મફતલાલ ડેનીમ કું.માં આજે મળસ્કે અગમ્ય કારણસર કોમ્પ્રેસર મશીનમાં આગ લાગતા રૂ. ૬થી૭ લાખનું નુકસાન થયાનું કંપનીનાં મેનેજરે ટાઉન પોલીસ ઈન્સ્પેકટરને આપેલ ફરિયાદમાં જણાવ્યું હતું. જો કે આગ લાગી તે વખતે નવસારી ફાયર બ્રિગેડને જાણ ન કરતાં તે તપાસનો વિષય પણ બને છે વધુ તપાસ નવસારી ટાઉન પોલીસ કરી રહી છે.

નવસારી શહેર પોલીસ મથકેથી પ્રાપ્ત વિગત મુજબ અત્રેનાં રેલ્વે સ્ટેશન નજીક આવેલ કપડાનું ઉત્પાદન કરતી મફતલાલ ડેનીમ કું.માં આજે મળસ્કે ૨.૪૫ કલાકે ડાઈંગ ખાતાની ઉપર આવેલ કલર કિચન વિભાગમાં આવેલ એટલાસ કોપકો કોમ્પ્રેસરમાં અગમ્ય કારણસર આગ લાગતાં અગત્યની મશીનરીને લગભગ રૂ. ૬થી૭ લાખનું નુકસાન થયું હતું.

જોકે ફરિયાદમાં લખાવ્યું હતું કે ઉપસ્થિત કામદારોએ આગને કાબૂમાં લઈ લીધી હતી. પ્રશ્ન અહીં એ ઉપસ્થિત થાય છે કે નાની સરખી આગ લાગે કે ગેસ લિકેજ થાય તો ફાયરબ્રિગેડને ફોન દ્વારા સુરત તુરંત ટોલ ફ્રી નંબર ૧૦૧ ઉપર જાણ થાય છે.

તો અહીં મફતલાલ ડેનીમ કંપનીનાં મેનેજરે ફાયરબ્રિગેડને કેમ ન બોલાવ્યા તે વિશે ટાઉનમાં તરેહ તરેહની ચર્ચા ચાલી રહી છે. વધુ તપાસ ટાઉન પોલીસ કરી રહી છે.

ચીખલી તાલુકાની વિવિધ ગ્રામ પંચાયતોમાં ચૂંટાયેલા સરપંચો- ઉપસરપંચોએ ચાર્જ સંભાળ્યો

ટાંકલ-રૂમલા ગ્રામ પંચાયતમાં દંપતી શાસન કરશે

મજીગામમાં સરપંચપદે પ્રકાશ હળપતિ જયારે ઉપસરપંચ પદે કેયુર પટેલે વિધિવત ચાર્જ સંભાળ્યો હતો જે દ્રશ્યમાન છે. (તસવીર : ધર્મેશ પટેલ, ઘેજ ચીખલી)

ઘેજ : ચીખલી તાલુકાની વિવિધ ગ્રામ પંચાયતોમાં નવા ચૂંટાયેલ સરપંચ - ઉપસરંચોએ વિધિવત ચાર્જ લેતા આગામી પાંચ વર્ષ નવા શાસકો શાસનધૂરા સંભાળશે.

મજીગામ ગ્રામ પંચાયતમાં પ્રકાશભાઈ હળપતિએ સરપંચ પદનો અને છાપરા ફળિયાના વોર્ડમાંથી ચૂંટાયેલ કેયુર પટેલે ઉપસરપંચનો વિધિવત ચાર્જ આજરોજ ગ્રામજનો તથા અન્ય સભ્યો, તલાટીની ઉપસ્થિતિમાં સંભાળ્યો હતો. પિપલગભણમાં સરપંચપદે ઈશ્વરભાઈ હળપતિ જયારે ઉપસરપંચપદે આશિષ દેસાઈએ ગામના દર્શન દેસાઈ, મનોજ પટેલ, અશોકભાઈ, ગુલી, કેતન પટેલ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં સત્તાનું સુકાન સંભાળ્યું હતું. ઘેજમાં યુવા ઈજનેર વિનોદ પટેલે સરપંચપદે જયારે ભરડાના હિતેશ પટેલે ઉપસરપંચનો ચાર્જ લેતા જિલ્લા સદસ્ય ભરત પટેલ મંડળીના ડિરેકટર સતીષ પટેલ ભરડાના છોટુ ધનજીભાઈ સહિતનાએ શુભેચ્છા પાઠવી હતી.

સમરોલીમાં સરપંચપદે ભીખુભાઈ પટેલે ગામના અગ્રણી ભરત કાલી સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં ચાર્જ સંભાળ્યો હતો.

તાલુકાની ટાંકલ ગ્રામ પંચાયતમાં સરપંચપદે નયનાબેન જયારે ઉપસરપંચ પદે દિનેશભાઈ પટેલ જયારે રૂમલામાં પાનુબેન પાડવીએ સરપંચ પદ અને બાલુભાઈ પાડવીએ ઉપ સરપંચ પદનો અખત્યાર સંભાળતા આ બંને ગ્રામ પંચાયતોમાં દંપતિ શાસન કરશે.

થાલામાં વર્ષો બાદ થયેલ ચૂંટણીમાં વિજય થયેલ મુકેશભાઈ પટેલે સરપંચપદે જયારે સલીમભાઈ આબેઈ ઉપસરપંચપદેનો હોદો સંભાળ્યો હતો. તલાવચોરામાં બીજી વાર સરપંચપદે ચૂંટાયેલ ડો. અશ્વિન પટેલે જયારે ઉપસરપંચ પદે વચલા ફળિયાના જસવંત પટેલે સત્તા સંભાળતા ગામના રમેશભાઈ, પ્રદેશ ભાજપાના ડો. અમીતા પટેલ, વિનય પટેલ વિગેરેએ શુભેચ્છા પાઠવી હતી.

તલાવચોરામાં કેટલાક ઘરના ઘાતકીઓ સરપંચમાં સફળ ન રહેતા ઉપસરપંચ માટે પણ હવાતિયા મારતા ફાવી શકયા ન હતા.

ઘેકટી ગ્રામ પંચાયતમાં સતત બીજી વાર ચૂંટાયેલ મુકેશ પટેલે જયારે ડેપ્યુટી સરપંચ પદે પ્રગ્નેશ ધીરજલાલ પટેલે ચાર્જ સંભાળ્યો હતો. ખૂંધમાં હર્ષદભાઈ પવાર જયારે ઉપસરપંચ પદે ભાજપાના યુવા અગ્રણી મયંક પટેલે શાસનધુરા સંભાળી હતી.

ચીખલી ગ્રામ પંચાયતમાં તલાટીના લાપરવાહયુક્ત કારભારના પગલે ?

ઘેજ : તાલુકા મથક ચીખલી ગ્રામ પંચાયતમાં તલાટીના લાપરવાહયુક્ત કારભારના પગલે નવા ચૂંટાયેલ સરપંચ જયોતીબેન કાયસ્થ આજદિન સુધી ચાર્જ સંભાળી શકયા નથી. ચીખલી ગ્રામ પંચાયતમાં લાખો રૂપિયાના ભ્રષ્ટાચારનો મામલાનું નિરાકરણ થયું નથી ઉપરાંત તલાટી નાનુ બિલ્ડરના ખોળે બેસી જઇ ગ્રામ પંચાયતની ચૂંટાયેલી પાંખને વિશ્વાસમાં લીધા વિના કારભારના અનેક કિસ્સાઓ વચ્ચે રોજમેળ સહિતની કામગીરી તલાટી પૂર્ણ કરી ન શકતા નવા સરપંચ સત્તા સંભાળી શકયા ન હતા.

લાખોના ભ્રષ્ટાચારના મામલાનું નિરાકરણ થયું નથી

નવસારીના તિધરા ગામે લગ્નમાં નાચવાની બાબતમાં મારામારી

જાનથી મારવાની ધમકી આપતાં ચાર વિરૂધ્ધ ફરિયાદ

વેસ્મા: નવસારીના તીધરા ગામે લગ્નમાં નાચવાની બાબતમાં મારામારી થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર નવસારીના તીધરા ગામે વચલું ફળિયું ખાતે લગ્ન હોઇ લગ્નમાં લગ્ન પ્રસંગે નાચવા હોય ત્યાં લગ્નમાં ફળિયાના જ રહીશ એવા શૈલેષ હળપતિ, ભાવેશ હળપતિ, ભરત હળપતિ તમામની નાચવાની બાબતે જયેશભાઇ હળપતિએ બોલાચાલી અને મારામારી થઇ ગઇ હતી. આ મારામારી થયા બાદ ઉપરોકત ચારેય ફરી વાર માર મારવાની જયેશભાઇ હળપતિને ધમકી આપી હતી. આ અંગેની ફરિયાદ નવસારી રૂરલ પોલીસ મથકે જયેશભાઇ શંકરભાઇ હળપતિએ આ ચારેય વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ અંગેની વધુ તપાસ નવસારી રૂરલ પોલીસ કરી રહી છે.

સ્વીમીંગની રાજ્ય સ્પર્ધામાં સિલ્વર, બ્રોન્ડ, રોકડ ઈનામ



નવસારી: ખેલ મહાકુંભ ૨૦૧૧માં નવસારીના મહેરઝાદ દારૂવાલા કે જેઓ કોન્વેટ હાઈસ્કૂલમાંધો.૮માં અભ્યાસ કરી સ્વીમીંગમાં ગુજરાત રાજ્યની સ્પર્ધામાં ૨ સીલ્વર મેડલ, ૧ બ્રોન્ઝ મેડલ અને રૂ. ૧૭,૧૦૦/-નો રોકડ ઈનામ અને ૩ ટ્રેકશુટ મેળવેલ છે. તદુપરાંત ૧૫મી મે ૨૦૧૧ના રોજ યોજાયેલ સ્વીમીંગ સ્પર્ધામાં ૫૦ મી. તથા ૨૦૦ મીટર બટરફલાઈ સ્ટ્રોકમાં બીજો નંબર પ્રાપ્ત કરી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા. અને ગોવા મુકામે યોજાયેલ સ્વીમીંગ સ્પર્ધામાં હીટમાં બીજોક્રમ મેળવી રાષ્ટ્રીય કક્ષાએ ૬ (છઠ્ઠુ) સ્થાન પ્રાપ્ત કરેલ હતું. અને ચાલુ સાલે પોરબંદર મુકામે યોજાયેલ ઓપન ગુજરાત સમુદ્ર તરણ સ્પર્ધામાં મહેરઝાદ દારૂવાલાએ ૮૦૦૦ મીટર તરણમાં ૨ કલાક ૧૭ મીનીટ અને ૪૫ સેકેન્ડમાં પુરુ કરી બીજો ક્રમાંક મેળવેલ હતો. તથી ૧૫૦૦ મીટરમાં ત્રીજો ક્રમાંક મેળવેલ છે.

પ્રેરણા ગ્રુપ દ્વારા આયોજીત ડાન્સ, હરિફાઈનાં વિજેતાઓને સ્મૃતિભેટ આપતા મહાનુભવો નજરે પડે છે. (તસ્વીર: ધર્મેશ પટેલ, ચીખલી)

ચીખલી પ્રેરણા ગ્રુપ દ્વારા

વલસાડ, નવસારી, સુરત જિલ્લાના કલાકારો માટે ડાન્સ હરીફાઈ યોજાઈ

વલસાડ સંસ્કાર ગ્રુપ પ્રથમ: નવસારી ઓમ સાઈ એકેડમી અને સુરત આર્ટ એન્ડ હાર્ટ ગ્રુપ દ્વિતીય ક્રમે

ઘેજ: સેવા, શિક્ષણ અને સંસ્કૃતિ ક્ષેત્રે કાર્યરત પ્રેરણા ગ્રુપ ચીખલી દ્વારા ઉગત કલાકારોમાં છુપાયેલી પ્રતિભા બહાર આવે અને પોતાની કળા રજુ કરવાની તક મળે એ હેતુથી સમયાંતરે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે વલસાડ, નવસારી, સુરત જિલ્લાનાં કલાકારો માટે એક ગ્રુપ ડાન્સ હરીફાઈનું આયોજન ચીખલી ખાતે થઈ ગયું.

કાર્યક્રમની શરૂઆત મુખ્ય મહેમાન મુકેશભાઈ ફળદૂ, પૂજાબેન ફળદૂ તથા મુખ્ય પ્રાયોજક મદનભાઈ આમેટાના હસ્તે દિપ પ્રાગટયથી થઈ હતી. જેમાં એ.પી.એમ. સી.ના ડીરેકટર જીતુભાઈ પટેલ (ટાંકલ) એ પણ સાથ આપ્યો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર વિવિધ ગૃપોએ પોતાની દમદાર રજૂઆત દ્વારા પ્રેક્ષાગૃહને ગજવી નાખ્યો હતો. આ પ્રસંગે ખાસ આમંત્રિત નવસારીની ૬ થી ૭ વર્ષની બાળાઓ રૈની, હામી, દિશા તથા બાળ કલાકાર સાહીલે વિવિધ ડાન્સ રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જેમાં ખાસ કરીને હવામાં લટકતી રીંગ અને સાડી ઉપર રજૂ કરેલી ડાન્સની વિવિધ મુદ્રાઓ જોઈને સૌ વાહ વાહ પોકારી ઉઠયા હતા. અને આ બાળ કલાકારોને રોકડ પુરસ્કારથી નવાજયા હતા. તેમજ આમંત્રિત ચકધૂમધૂમ કલર્સ ટી.વી. ફેમ વલસાડના વોરીયર્સ ગૃપે પોતાના ડાન્સમાં દિલધડક સ્ટન્ટો રજૂ કરીને સૌને ચોંકાવી દીધા હતા.

ડાન્સ હરીફાઈના નિર્ણાયક તરીકે વલસાડના અજય પટેલ, મિલીન પાંચાલે સેવા આપી હતી. વિજેતા તરીકે પ્રથમ ક્રમે સંસ્કાર ગૃપ વલસાડ જાહેર થયા હતા. મુખ્ય મહેમાન મુકેશભાઈ ફળદુએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે ચીખલીમાં જાહેર જનતા માટે કોઈ સાંસ્કૃતિક કાર્યક્રમો થતા નથી ત્યારે પ્રેરણા ગૃપ દ્વારા આ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરીને ચીખલી જેવા નાના સેન્ટરમાં લગભગ સો જેટલા નીવડેલા નૃત્ય કલાકારોને એક મંચ ઉપર રજુ કરીને ખૂબજ પ્રસંશનીય કાર્ય કર્યું છે.

કાર્યક્રમમાં ખાસ મનીષ શાહ (રાનકુવા), શાહીદાબેન ગાડીવાલા, દુલ્લભભાઈ પટેલ, દોલતભાઈ પટેલ (સાદકપોર), ગણદેવીથી ગોપાળભાઈ ગોહિલ તથા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રેરણા ગૃપના યુવા કાર્યકરોએ ખૂબ જહેમત ઉઠાવી હતી. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

વાંસદામાં વિકલાંગોને સાધન સહાય બારમીએ ટ્રાયસિકલ, વ્હીલચેર અપાશે

(તસ્વીર: નિલેશ કાપડીયા, વાંસદા)

વાંસદા, તા.૪: સર્વ શિક્ષા અભિયાન મિશન નવસારી અંતર્ગત ચીખલી તથા વાંસદા તાલુકાની પ્રાથમિક શાળામાં ભણતા છથી અઢાર વર્ષનાં વિકલાંગ બાળકોનો સાધન સહાય કેમ્પ બી.આર. સી. ભવન વાંસદામાં રત્નાનિધિ ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ દ્વારા એસ.એસ.એ.એમ. અંતર્ગત યોજવામાં આવ્યો હતો.

જેમાં શારીરિક ખામીવાળાં ૭૯ બાળકો, કાન- શ્રવણની ખામીવાળાં ૧૦૭ બાળકોની તપાસ કરી હિયરીંગ એઈડ, કેલીયર્સ જયપુર ફુટ, વ્હીલચેર વિગેરે સાધનો સ્થળ ઉપરજ આપવામાં આવ્યા હતા. જયારે ટ્રાયસિકલ, વ્હીલ ચેર, નંગ ૧૪ તા. ૧૨-૨-૨૦૧૨નાં રોજ બી.આર.સી. ભવન વાંસદામાં આપવામાં આવશે. આ સાધન સહાય હોમમાં કુલ ૧૭૬ બાળકોએ લાભ લીધો હતો. બાળકો તથા વાલીઓએ સંતોષ વ્યકત કર્યો હતો.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.એમ. ખરાડીએ આ કેમ્પની મુલાકાત લઈ એસ.એલ.એ.એમની પ્રવૃત્તિને બીરદાવી તેની પ્રશંશા કરી હતી. આ કેમ્પને સફળ બનાવવા જિલ્લા આઈ.ઈ.ડી. કો. ઓર્ડીનેટર મહેશ પટેલ, વાંસદા બી.આર.સી. કો. ઓર્ડીનેટર દશરથ જે. ભોયા તથા તાલુકાના તમામ સીઆરસી કો. ઓર્ડીનેટર, રીસોર્સ ટીચર્સ કો. ઓર્ડીનેટર, ડેટા ઓપરેટર રિતેશ પટેલે, ભારે જહેમત ઉઠાવી હતી. વિકલાંગ અને વિકલાંગ બાળકો પણ શિક્ષણમાં તથા સમાજમાં સારૂ યોગદાન આપે તે માટે સરકારની યોજનાને આવકારી હતી.

તલાવચોરાના હળપતિવાસમાં પ્રાણપ્રતિષ્ઠામાં પુજામાં વ્યસ્ત ભાવિકભકતો નજરે પડે છે. (તસ્વીર: ધર્મેશ પટેલ, ઘેજ-ચીખલી)

તલાવચોરાના હનુમાન મંદિરમાં મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા: શોભાયાત્રા

ઘેજ: ચીખલી તાલુકાના તલાવચોરાના હળપતિવાસમાં પૌરાણિક વડલા હનુમાનજીના મંદિરમાં મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા સ્થાનિકો દ્વારા રંગેચંગે ભકિત ભાવપૂર્વક કરવામાં આવી હતી.

તલાવચોરામાં જલારામબાપાના મંદિર સામે આવેલ હળપતિવાસમાં આવેલ વડલા હનુમાનજીનું પૌરાણિક મંદિર આ વિસ્તારના લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે. આ મંદિરમાં હનુમાનજીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા નિમિત્તે ગામમાં સંગીતના સથવારે વિશાળ શોભાયાત્રા નીકળતા ગામ ભકિતના રંગમાં રંગાયુ હતું. ધ્વજારોહણ ઉપરાંત વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞ-આહુતિમાં મોટી સંખ્યામાં યુગલો તથા ભાવિક-ભકતો જોડાયાં હતાં. રાત્રિ દરમ્યાન રાજા ફળિયાની ભજન મંડળી દ્વારા ભજન-કીર્તન પણ યોજાયું હતું.

વધુમાં સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક સહિત તમામ પ્રકારના સેવાકાર્યમાં હમેશા સક્રિય રહેલા ગામના પ્રથમ નાગરિક ડૉ. અશ્વિન પટેલ, મહિલા અગ્રણી ડૉ. અમીતા પટેલ દંપતી દ્વારા આયોજીત મહાપ્રસાદનો પણ મોટી સંખ્યામાં ભાવિક ભકતોએ લાભ લીધો હતો.

ગામના અગ્રણી રમેશભાઈ, સુભાષ પટેલ, ધીરૂભાઈ દેસાઈવાડના રમણબાયા વિગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા વિનોદ હળપતિ પંચાયતના સભ્ય વિનય પટેલ, કલ્પેશ દરજી વગેરેએ જહેમત ઉઠાવી હતી.

ઉનાઈ માતાના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૬મીએ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં

૨૪-૨૫મીએ મેડિકલ, રકતદાન, સિકસસેલ ચકાસણી કેમ્પ : તાલુકા સંકલન સમિતિની બેઠક

વાંસદા, તા. ૪ : નવસારી જીલ્લાના વાંસદા તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ઉનાઈમાં આવેલા ઉનાઈ માતાજીના મંદિરના જીર્ણોધ્ધારનું ફાર્મ વર્ષોથી ચાલતું હતું.

જે પૂર્ણતાના આરે છે અને આ મંદિરના તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ યોજાનારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ માટે પ્રાંત અધિકારી રાજેશ તન્નાના અધ્યક્ષસ્થાને મળેલી તાલુકા સંકલન સમિતિની બેઠકમાં કાર્યક્રમની તૈયારી અંગે ચર્ચાઓ કરવા સાથે આગેવાનોના સુચનો પણ લેવાયા હતા.

૨૬ ફેબ્રુઆરીના રોજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્વે તા. ૨૪ અને ૨૫નાં રોજ પણ તાલુકામાં દર્દીઓ માટે મેડિકલ કેમ્પ, રૂકતદાન કેમ્પ, સિકલસેલના દર્દીઓ માટે કેમ્પમાં ચકાસણી જેવા ત્રણેક કેમ્પનું પણ આયોજન કરવામાં આવશે. સંકલન સમિતિની બેઠક દરમિયાન ઉપરોકત વિષયની ચર્ચા બાદ ઉપસ્થિતોના સૂચનો પણ લેવાયાં હતાં.

જલદ ચાલ સ્પર્ધામાં દસમી વાર પ્રથમ

બીલીમોરા: વી. એસ. પટેલ કોલેજના આંકડા શાસ્ત્રના પ્રાધ્યાપક મોહનભાઈ પટેલ 'ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ સંચાલીત' શ્રી નરોત્તમદાસ પટેલ જલદ ચાલ સ્પર્ધામાં ગુજરાત રાજયએ દસ કિ.મી.ની જલદ ચાલમાં સતત દસમીવાર પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. શ્રી મોહનભાઈ પટેલ હાલ ૫૮ વર્ષની વયના હોવા છતાં, તેમનામાં રહેલો રમત પ્રત્યેનો લગાવ તેમને સતત આ ક્ષેત્રમાં આગળને આગળ વધારીને એક પછી એક સોપાનો સર કરતા જાય છે. આજેપણ ૨૫ વર્ષના યુવાનને શરમાવે તેવી સ્ફૂર્તિ ધરાવતા મોહનભાઈ એ દસમીવાર આ સિધ્ધિ પ્રાપ્ત કરી છે.

આલીપોર હાઈસ્કૂલમાં વકતૃત્વ સ્પર્ધા તાલુકાની દસ શાળાઓએ ભાગ લીધો

વકતૃત્વ શૈલી અંગે અપાયેલું માર્ગદર્શન

ટાંકલ : રાષ્ટ્રીય ધોરી માર્ગ ૮ ઉપર આવેલી કે. એન્ડ. બી. સાર્વ. હાઇસ્કુલ આલીપોર અને એલ.એન્ડ.ટી. પબ્લીક ચેરીટેબલ ખારેલ સંચાલિત જીવન વિદ્યા પ્રોજેકટ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકાની ૧૦ જેટલી માધ્યમિક શાળાના ૩૧ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ધોરણ ૮ માટે શિક્ષણનું માધ્યમ અંગ્રેજી કે માતૃભાષા અને ટેલિવિઝન દૂષણ કે ભૂષણ તથા ધોરણ ૯ માટે 'વિજ્ઞાન વરદાન કે અભિશાપ' અને આજની શિક્ષણ વ્યવસ્થા નિષ્ફળ ગઇ છે? જેવા વિષયો ઉપર વિદ્યાર્થીઓએ પોતાના વકતવ્યો રજુ કર્યા હતા.

સ્પર્ધામાં પ્રથમ ક્રમે મુન્નજા રિયાઝ (આલીપોર હાઇસ્કુલ) બીજા ક્રમે પટેલ દિવ્ય દિપકભાઇ (સાદકપોર હાઇસ્કુલ) અને ત્રીજા ક્રમે પરમાર વિશ્વરાજ મુકેશસિંહ વિજેતા બન્યા હતા. ધોરણ ૯માં પ્રથમ ક્રમે એલ. ફિરોજા શબ્બીરભાઇ (આલીપોર હાઇસ્કુલ) બીજા ક્રમે પરમાર ધ્વનિ યોગેશભાઇ (દિગેન્દ્રનગર જે.એલ. પટેલ હાઇસ્કુલ) ત્રીજા ક્રમે પટેલ નિસર્ગ ચેતનભાઇ (બલવાડા હાઇસ્કુલ) વિજેતા રહ્યા હતા.

ટ્રસ્ટના પ્રોજેકટ ડો. ભરત દેસાઇએ વકતૃત્વ શૈલી અંગે માર્ગદર્શન આપ્યું હતું. સ્પર્ધાનું સંચાલન શાળાના શિક્ષક મહમદ વ્હોરાએ કર્યુ હતું. આભારવિધિ શાળાના આચાર્ય અબ્બાસભાઇએ કરી હતી.

નવસારી મોઢ વૈષ્ણવ વણિક પંચનું સ્નેહ સંમેલન-ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

વરિષ્ઠ જ્ઞાતિજનોનું સન્માન: વિદ્યાર્થીઓને મેડલ, સન્માનપત્ર, ઈનામ

નવસારી: નવસારીમાં નવસારી મોઢ વૈષ્ણવ વણિક પંચનું વાર્ષિક સ્નેહ સંમેલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ ભરૂચના ખ્યાતનામ મેડીકલ પ્રેકટીશનર ડૉ. કિરણ મામલતદારના અને ડૉ. રેખા મામલતદારના અતિથિવિશેષપદે યોજાયો હતો. દક્ષિણ ગુજરાત વૈષ્ણવ સેવા સમાજના પ્રમુખ રવિન્દ્રભાઈ ધોળાભાઈ તથા સુરત મોઢ વણિક વૈષ્ણવ સમાજના હોદ્દેદારો પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

જ્ઞાતિના પ્રમુક કશ્યપ પરીખે સ્વાગત પ્રવચનમાં સૌને ઉષ્માભેર આવકારી જ્ઞાતિન, યુવા કમિટિના તથા ભગિનિ સમાજના હોદ્દેદારોની સંમેલનને સફળ બનાવવાની જહેમતને બિરદાવી હતી. વર્ષ દરમિયાન જ્ઞાતિ દ્વારા આયોજિત શ્રીનાથજી પ્રવાસનો સૌએ લાભ લીધો હતો તે બદલ સંતોષ પ્રગટ કરી ભવિષ્યમાં પણ આ જ પ્રકારના સુંદર કાર્યક્રમો આયોજિત કરવાની આશા વ્યકત કરી સૌ જ્ઞાતિજનોનો આભાર વ્યકત કર્યો હતો.

જ્ઞાતિના મંત્ર પ્રશાંત પારેખે જ્ઞાતિનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ પ્રસંગે જ્ઞાતિ તરફથી પ્રશાંત પારેખનું વિવિધ ક્ષેત્રોમાં અનન્ય સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

ખજાનચી મયૂર ગોળવાલાએ જ્ઞાતિના લેખાજોખા રજૂ કરી સૌ જ્ઞાતિજનોને વિકાસ અને સહાયના કાર્યો માટે ઉદાર હાથે ફાળો આપવાની હાકલ કરી હતી.

આ પ્રસંગે વરિષ્ઠ જ્ઞાતિજનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ, મેડલ તથા સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યા હતાં.

અતિથિ વિશેષ ડૉ. કિરણ મામલતદારે નવસારી સમાજનાં કાર્યોની પ્રશંસા કરી હતી અને ટીમવર્કને બિરદાવ્યું હતું. ડૉ. કિરણભાઈએ એમના પ્રાસંગિક વકતવ્યમાં સ્વાસ્થ્ય અંગે અને જીવન જીવવાની પધ્ધતિ વિશે સરળ ભાષામાં સમજ આપી હતી. યુવા કમિટિના પ્રમુખ હિરેન પારેખે, ભગિનિ સમાજના પ્રમુખ મોનાબેન ચોકસીએ તથા ભગિનિ સમાજના મંત્રી સંગીતા ચોકસીએ વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હો.

જ્ઞાતિનાં બાળકો, યુવાનો અને બહેનોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી સૌના દિલ જીતી લીધાં હતાં. આભારવિધિ ખજાની મયૂર ગોળવાલાએ આટોપી હતી.

વાંસદા તાલુકામાં વિદ્યાર્થીઓને શાળામાંથી જ જાતિના દાખલા મળશે: સંકલન સમિતિની બેઠકમાં નિર્ણય

વાંસદા, તા. ૪: વાંસદા તાલુકામાં ધોરણ દસ અને બારની પરીક્ષાના પરિણામ બાદ વિદ્યાર્થીઓને જાતિ અંગેના દાખલા મેળવવા માટે મામલતદાર કચેરી પર વારંવાર ધક્કા ખાવા ઉપરાંત લાંબી લાંબી કતારમાં ઉભા રહેવું પડતું હતું. તે બાબતે પ્રાંત અધિકારી તન્નાને વિગતવાર રજૂઆત કરાતા પ્રાંત અધિકારી તન્નાએ વિદ્યાર્થીઓને સ્કૂલમાંથી જ આવા દાખલા મળી રહે તે માટેનું આયોજન ગોઠવતા વિદ્યાર્થીઓની વર્ષો જુની સમસ્યાના ઉકેલ આવ્યો છે. પ્રાંત અધિકારી તન્નાને તેમના પ્રયાસ અને ઉકેલ માટે તાલુકાના વિદ્યાર્થીઓ કાયમ માટે યાદ કરશે.

વાંસદા તાલુકાની સંકલન સમિતિની બેઠક મામલતદાર કચેરીમાં પ્રાંત અધિકારી રાજેશ તન્નાના અધ્યક્ષસ્થાને વાંસદાના મામલતદાર કે. એમ. ઠાકોર, આયોજન સહ તાલુકા વિકાસ અધિકારી સી. એમ. ગામિત તથા તાલુકાના વિવિધ શાખાના અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાઇ હતી.

જેમાં મુખ્યત્વે મુદ્દો તાલુકામાં ૨૯ જેટલી હાઇસ્કૂલોમાં ધોરણ દસ અને બારની પરીક્ષા બાદ ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓના એડમિશન માટે જાતિના દાખલા મેળવવા માટે વર્ષોથી મામલતદાર કચેરીએ કતારમાં ઉભા રહી ધક્કા ખાવા પડતા હતા. આ મુશ્કેલી નિવારવા સંકલન સમિતિના સભ્ય તા. પં. વાંસદાના પ્રમુખ રાજેશ્રી થોરાત, ભાજપ મંત્રી વિરલ વ્યાસે રજૂઆત કરતા પ્રાંત અધિકારી તન્નાએ તાલુકાની દરેક હાઇસ્કૂલમાં એકટીવીટીના કર્મચારીઓએ જઇને વિદ્યાર્થીઓના ફોટો મેળવી પરિણામ બાદ દરેક સ્કૂલમાંથી જ વિદ્યાર્થીઓને જાતિના દાખલા મળી રહે તે મુજબનું દરેક શાળાના આચાર્યને પરિપત્ર પાઠવી વિદ્યાર્થીઓની અરજી મેળવીને વાંસદા મામલતદાર કચેરીએ મોકલી જાતિના દાખલા તૈયાર કરાવવા જેથી ધોરણ દસ અને બારનાં વિદ્યાર્થીઓને પરિણામ જાહેર થાય તે જ દિવસે જાતિનાં દાખલા માર્કશીટ સાથે જ મળી રહે તે માટેનું સરાહનીય આયોજન પ્રાંત અધિકારી રાજેશ તન્નાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

પરિણામ જાહેર થાય તે દિવસે જ માર્કશીટ સાથે જ જાતિના દાખલા મળે તેવું પ્રાંત અધિકારી રાજેશ તન્નાનું આયોજન